R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અંક ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૬૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 02 DATE: 14-01-17• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છેજી ( )-ના ( )

If undelivered pl. return to:
કાર્યાલય :૨/૧૦ સોનિયી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

## નોટબંધીનો હિંમતભર્યો નિર્ણય પીડાદાયક પરંતુ લાંબે ગાળે પ્રગતિનો રોડમેપ બનશે :નાણાં મંત્રી અરુણ જેટલી



દેશના નાણાં મંત્રી અરુણ જેટલીએ નોટબંધીનો અઘરો નિર્ણય શરૂઆતના તબક્કામાં ભલે પીડાદાયક લાગતો હોય, પરંતુ લાંબે ગાળે આ નિર્ણય દેશની પ્રગતિનો રોડમેપ બનશે એમ ઉલ્લેખી ને તેમણે આઠમી વાઇબ્રન્ટ ગુજરાત પરિષદ અંતર્ગત જીએસટી વિશે યોજાયેલા સેમિનારમાં જણાવ્યુ હતું.

અરુણ જેટલી એ કહ્યુ હતુ કે તમારી સામે એક નિર્ણાયક સરકાર ચે. જે હિંમતભર્યા નિર્ણયો લે છે. દરેક ક્ષેત્રમાં દેશનું અર્થતંત્ર ઓપન થઇ રહ્યુ છે.એક નવું ભારત ઉપસ્યું છે.જેમાં લોકોને સરકાર તરફથી રક્ષણ મળે એની ચર્ચા નથી થતી, કારણ કે લોકોને પારદર્શિતા જોઇએ છે.કાગળના ચલણના ફાયદા થોડા છે ખરા, પણ એના એક્ત્રીકરણથી લાલચ વધે છે.દેશની બેન્કીંગ પધ્ધતિ ડીજીટાઇઝડ થઇ જવાથી હવે અર્થતંત્ર વાસ્તવિક બની જશે એમ એમણે કહ્યુ હતું.

આપણે ઝડપી અર્થતંત્ર તરીકે વિશ્વમાં અગ્રણ્ય છીએ, પણ કરવેરા નહીં ભરવામાં માનીએ છીએ. જો કે જીએસટી લાગુ થયા પછી આપણો દેશ સમૃધ્ધ થશે,એમ કહેતાં જેટલીએ એવી આશા વ્યક્ત કરી હતી કે જીએસટી અંગે જે કેટલાક મહત્વના મુદ્દાઓ વિશે સહમતિ બાકી છે તે મુદ્દાઓ આવતા અઠવાડીયામાં નિપટાઇ જશે અને એ પછી આપણું અર્થતંત્ર ચોખ્ખુ બનશે અને મોટા સ્તરે ઉભરશે.ઓસ્ટ્રેલીયામાં જીએસટી લાગુ કરવામાં મોટી ભુમિકા ભજવનારા મેલબોર્ન યુની.ના પ્રો.એલન ફેલસે જણાવ્યુ હતું કે વર્ષ ૨૦૦૦થી જીએસટીનો અમલ ઓસ્ટ્રેલીયામાં શરુ થયો તે પહેલાં ૧૯૯૩માં જ્યારે તેનો વિચાર થયો ત્યારે એનો ભારે વિરોધ થયેલો.કેમકે કેનેડામાં એ લાગુ કરવાથી ત્યાંની ઇકોનોમી આફતથી ઘેરાઇ ગઇ છે.પરંતુ જીએસટીનો અમલ ઓસ્ટ્રેલીયામાં સફળ રહ્યો છે.જ્યાં કુલ ૧૯૫ ચીજો પર એકસરખો ૧૦ ટકા વેરો વસુલ થાય છે.

## ભારતમાં નોટબંધીનો ફાયદો લાંબા ગાળે જોવા મળશે : વર્લ્ડ બેન્ક

ભારતમાં મધ્યમ ગાળે નોટબંધીનો પ્રતિકુળ પ્રભાવ બંધ થશે અને નોટબંધીને કારણે ભારતીય અર્થતંત્રને લાંબા ગાળે ફાયદો થશે તેમ વિશ્વ બેન્કે તેના રિપોર્ટમાં જણાવ્યુ છે.બેન્કે કહ્યુ હતું કે કોઇપણ સુધારા કરો ત્યારે ટુંકા ગાળા માટે તેની વિપરિત અસરો જોવા મળતી હોય છે. બેન્કે ભારતનો જીડીપી ગ્રોથરેટ ઘટાડીને ૭ ટકા કર્યો છે. આ અગાઉ ભારતે આર્થિક સુધારણાના અનેક પગલાં ભર્યા છે.આનાથી સ્થાનિક સ્તરે માંગ અને પુરવઠો વધશે અને ઉત્પાદકતામાં વધારો થશે. આવનારા વર્ષમાં ફુગાવો ઘટશે તેમજ સરકારી કર્મચારીઓના વેતનમાં વધારો થવાથી વાસ્તવિક આવક તેમજ ખર્ચમાં વધારો થશે.૨૦૧૮-૧૯માં ભારતનો વિકાસ દર વધશે.સ્વદેશી માંગ અને વેચાણમાં વધારો થશે,રોકાણાં વધારો થવાથી તેજીને વેગ મળશે.

## સહારા-બિરલા ડાયરી કેસમાં પુરતા પુરાવા નથી કહી સુપ્રીમે મોદી સામે તપાસની માંગ ફગાવી

સહારા-બિરલા ડાયરી કેસમાં સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમ રચીને મોદી તેમજ અન્ય રાજકારણીઓ સામે લાંચ લેવાના આક્ષેપોની તપાસ કરવાની માંગણી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે.કોર્ટે આ કેસમાં રજુ કરવામાં આવેલા પુરાવાને અવિશ્વસનીય અને અપુરતા ગણાવ્યા છે.ડાયરીમાં લખાયેલી નોંધ બહાર આવ્યા પછી રાહુલ ગાંધી અને કેજરીવાલે મોદી તેમજ કેટલાક અન્ય રાજકારણીઓ પર લાંચ લેવાનો આક્ષેપ કર્યો હતો.કોર્ટના વકીલ પ્રશાંત ભુષણ દ્વારા દાખલ કરાયેલી અરજી પરની સુનાવણીમાં કોર્ટે કહ્યુ હતું કે આ કેસમાં પીએમ મોદી અને અન્ય સામે તપાસ કરાવવા માટે નક્કર પુરાવા રજુ કરાયા નથી.કોર્ટે કહ્યુ કે ઇન્કમટેક્સ સેટલમેન્ટ કમિશનની પ્રારંભિક તપાસમાં એવું જણાયું હરતું કે સહારા પાસેથી જપ્ત કરાયેલી ડાયરી અને સામગ્રી બનાવટી છે.બીજી બાજુ કોંગ્રેસ નેત્રી રેણુકા ચૌધરીએ કહ્યુ્યુ કે કોંગ્રેસ હવે જનતાની કોર્ટમાં જશે. પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યુ હતું કે અડવાણીની જેમ મોદી પણ રાજીનામું આપી તપાસ કરાવે.

સુપ્રીમ કોર્ટે તેની સમક્ષ રજુ કરાયેલા દસ્તાવેજો અવિશ્વસનીય અને અપુરતા ગણાવીને અરજદારને નક્કર પુરાવા રજુ કરવા આદેશ આપ્યો હતો.અરજદાર સંગઠન સીપીઆઇએલએ સુપ્રીમ કોર્ટમાં એફીડેવીટ રજુ કરીને કહ્યુ હતુ કે આવકવેરા વિભાગની એપ્રેઝલ રિપોર્ટ,ડાયરી, અને ઇ-મેલ સ્પષ્ટ નિર્દેશ કરે છે કે રાજકારણીઓને લાંચ આપવામાં આવી છે.આથી સુપ્રીમે તપાસના આદેશો આપવા જોઇએ.આવા કેસમાં જો તપાસનો આદેશ નહી અપાય તો સુપ્રીમ દ્વાર અન્ય કોઇ તપાસના આદેશ આપવાનું ન્યાયોચિત નહી હોય. એફિડેવીટમાં રજુ કરાયુ છે કે બિરલા ગ્રુપ પર સીબીઆઇના દરોડા અને સહારા ગ્રુપની કંપનીઓ પર આવકવેરાના દરોડામાં જાહેર નહી કરાયેલી બિન હિસાબી આવક, ડાયરી,નોટબુક,ઇ-મેલ સહિત અન્ય દસ્તાવેજો મળ્યા હતા. આ કંપનીઓએ રાજકીય નેતાઓને અને અદિકારીઓને લાંચ આપી હતી.

ધારણા સેવાતી હતી તે પ્રમાણે જ સુપ્રીમ કોર્ટે સહારા- બિરલા ડાયરીને કોઇ નક્કર પુરાવા માનવાનો ઇન્કાર કરી તેના આધારે વડાપ્રધાન મોદી સહિત અન્યો સામે તપાસ યોજવાની માંગણી કરતી અરજી ફગાવી દીધી હતી.અગાઉ પણ આ કેસમાં એવું નિરિક્ષણ કોર્ટ કરી ચુકી હતી કે આ ડાયરીમાં એવા કોઇ પુરાવા નથી કે જેના આધારે તપાસના આદેશો આપી શકાય.આવી ડાયરીના પાના ગમે તે બનાવી શકે છે અને તેમાં ગમે તેનું નામ ઉમેરી શકે છે.હવે કોર્ટની આ ટિપ્પણી બાદ કેસ આગળ વધી શકવાની શક્યતા ઓછી છે. જો કે રાહુલ ગાંધી તથા અન્યોનો રાજકીય



ભુકંપનો પ્રયાસ નિષ્ફળ ગયો છે.આવા પ્રકારના પ્રયાસોથી નેતાઓની રાજકીય ઇમેજ ખરડાઇ શકે છે તેમાં બેમત નથી.રાજીવ ગાંધી ની ઇમેજ બોફોર્સમાં ખરડાઇ હતી.

## મોદી લોકોમાં ભય ફેલાવે છે, અર્થતંત્ર તોડી રહ્યા છે : રાહુલ ગાંધી



કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચુંટણી ઓને વેગ આપવા પ્રચાર અર્થે નિકળેલા ત્યારે નોટબંધી મામલે મોદી પર ઉગ્ર પ્રહારો કર્યા હતા.રાહુલે આરોપ લગાવ્યો હતો કે વડાપ્રધાન મોદી લોકોમાં ભય પેદા કરી રહ્યા છે અને નોટબંધીના નિર્ણયથી અર્થતંત્રને તોડી રહ્યા છે. આ સાથે તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી ૨૦૧૯ની સામાન્ય ચુંટણીમાં કોંગ્રેસ જ સત્તા પર આવશે.કોંગ્રેસના એક દિવસીય કન્વેન્શનમાં પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ તથા પુર્વ નાણાંમંત્રી પી.ચિદમ્બરમે પણ નોટબંધી ની ટીકા કરી હતી.અને લોકોને આગામી દિવસોમાં વધુ તકલીફો માટે તૈયાર રહેવા ચેતવ્યા હતા.

## નોટબંધીથી હજી વધુ ખરાબ દિવસો આવશે : પુર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહ

દેશનો જીડીપી વૃધ્ધિદર ઘટશે તેવી ભીતિ વચ્ચે ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે જનતાને સાવધ કરતાં કહ્યુ હતું કે નોટબંધીને કારણે હજી વધુ ખરાબ દિવસો આવશે.તેમણે નોટબંધીને હોનારત ગણાવી છે.જનવેદના સંમેલનને સંબોધતા સિંહે નોટબંધીને હોનારત ગણાવીને કહ્યુ હતું કે સ્થિતિ ખરાબમાંથી વધુ ખરાબ થઇ રહી છે.અને હજી વધુ ખરાબ સ્થિતિઆવવાની બાકી છે.તેમણે વડાપ્રધાન મોદીના ખોખલા દાવાને ફગાવી દઇને કહ્યુ હતું કે સ્થિતિ સુધરી રહી હોવાનો માત્ર મોદીનો પ્રોપેગન્ડો છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવ ક્રાંતિ

ગાંધીનગર ખાતે ૮મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૧૭ને વડાપ્રધાને ખુલ્લી મુકી.વડાપ્રધાનનું વિઝન : ડેમોગ્રાફી,ડેમોક્રેસી, ડિમાન્ડ આમ થ્રી ડી વિઝન પણ ખુલ્લુ કર્યું.ભારતની આ ત્રણ મુખ્ય તાકાત ગણાવીને તેમણે કહ્યુ કે ભારતમાં બિઝનેસ કરવો હવે આશાન થઈ ગયો છે. ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૧૭ના ૮માં જાજરમાન વાઈબ્રન્ટ સમારંભને ખુલ્લો મુકતાં તેમણે ભારતની સૌથી મોટી તાકાત લોકશાહી છે તેને બિરદાવી.દેશ વિદેશથી આવેલા રાજકીય પદાધિકારીઓ, વેપારીઓ,મહાનુભાવો અને રાજદ્રારીઓને સંબોધતા કહ્યુ કે કેટલાક લોકો કહે છે કે ભારતની લોકશાહીમાં જલ્દી અને ત્વરીત શાસન થઈ શકતું નથી. પણ પાછલા અઢી વર્ષમાં અમે આ શક્ય બનાવ્યુ છે.અને હવે તેનું પરિણામ મળવા લાગ્યું છે.તેમણે મેઈક ઈન ઈન્ડીયાની સફળતાની ચર્ચા કરતાં કહ્યુ કે ભારત દુનિયાનો છઠ્ઠો સૌથી મોટો ઉત્પાદક દેશ બની ગયો છે.તેમણે ભારતની આ સિધ્ધિને બિરદાવી હતી.ભારત હવે ડીજીટલ ઈકોનોમીની દિશામાં આગળ વધી રહ્યો છે.ભારતીય અર્થતંત્રમાં ધરખમ સુધારાઓ કરાઈ રહ્યા છે જે આગામી સમયમાં ચાલુ જ રહેશે.મુડી રોકાણ કરનારાઓને ભારત શ્રેષ્ઠ વળતર આપે છે.એટલે દુનિયાના તમામ દેશો માટે ભારતમાં રોકાણ કરવા માટેનું શ્રેષ્ઠ સ્થાન બન્યું છે.જો કે એમઓયુના આંકડાઓ જોતાં ગુજરાતમાં જે ઊદ્યોગો સ્થાપવાની વાતો કરવામાં આવી તેમાં રીલાયન્સ,અદાણી,ટોરન્ટ મોખરે છે.કેટલાક એમઓયુ સૌરાષ્ટ્રમાં સંરક્ષણ ઉત્પાદન ઊદ્યોગો સ્થાપના કરવાની વાત છે તે સૌરાષ્ટ્રના વિકાસમાં અગત્યનો ભાગ ભજવી શકશે.ગુજરાતના વિકાસમાં મોટા ઉદ્યોગોને બાદ કરતાં નાના અને મધ્યમકક્ષાના કેટલાક ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન મળતુ થાય અને ઉત્પાદન સુધી પહોચી શકે તો તે ઉપલબ્ધિ ગણાશે. બાકી આજ સુધીના વાઈબ્રન્ટમાં થયેલા કેટલાક કરારો કે એમઓયુ માત્ર કાગળ ઉપર જ વાહવાહી કરાવતા રહ્યા છે અને પુરા થઈ શક્યા નથી. એનું પણ સંશોધન થાય કે તેમાં કઈ અડચણો આવવાથી તે શક્ય બન્યા નથી અને તેની આડખીલીઓનું નિવારણ કરીને તેને ફરીથી વિકાસ પ્રક્રિયાના ભાગમાં જોડવામાં આવે તો ગુજરાતની કાયાપલટ થાય તેમાં કોઈ બેમત નથી.કોઈપણ પ્રકારના વિધ્નો અને મુશ્કેલીઓ આવતી રહે તેના કારણે પ્રયત્નો છોડી દેવાય નહી. વિરોધીઓ દ્વારા ચલાવાતા કેટલાક આક્ષેપોમાંથી પણ ભુલો શોધીને અમલીકરણમાં થતી તકલીફો દુર કરીને,વિપક્ષોના આક્ષેપોને વજુદ ના મળે તે માટે સતત પ્રયત્નશીલ રહેવાનો સરકારી તંત્રે પ્રયત્ન કરવો જોઈએ.સહુથી વધુ ધ્યાન ખેચી શકે અને નબળાઈ ગણાય તે મુજબ આખા વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટમાં મોટાભાગના ગુજરાતી રાજકારણીઓને ભાષા સાથે તકલીફો પડી છે.અંગ્રેજી ભાષામાં સ્પષ્ટ અને મુદ્દાસર બોલી શકનારા રાજકારણીઓ મળતા નથી.પરિણામે આપણે જે ઉભુ કરવા પ્રયત્ન કરીએ છીએ તેમાં પાછા પડીએ છીએ.અંગ્રેજીનું સારુ જ્ઞાન સત્તા પર બેઠેલા રાજકારણીઓએ વિકસાવવું પડશે જો સાચા અર્થમાં ગુજરાતનો વિકાસ કરવો હોય તો.ભુતકાળમાં અનેક રાજકારણીઓ દેશના તખ્તા પર આવ્યા પરંતુ તેમની પાસે અંગ્રેજી ભાષા અંગેનું બહોળુ અને સ્પષ્ટ જ્ઞાન હતું.પરિણામે વિદેશીઓ સાથે તેઓ ખુબજ સહજતાથી ભળી જતા અને આચાર વિચાર પ્રદાન કરતાં. અહીયા ભાષા નહી આવડતી હોવાને કારણે કેટલાક રાજકારણીઓને ભારે તકલીફો પડતી હોવાનું જણાયું હતુ.


## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# લોઢા પેનલની ભલામણો લાગુ કરવામાં અવરોધના મામલે બીસીસીઆઇના અધ્યક્ષ ઠાકુર અને સચિવને સુપ્રીમ કોર્ટે સસ્પેન્ડ કર્યા

બીસીસીઆઈ દ્વારા લોઢા પેનલની ભલામણો સ્વીકારવા અંગે કરાઈ રહેલી સતત અવગણના બાદ સુપ્રીમ કોર્ટે આકરુ પગલું ભરતાં બોર્ડ અધ્યક્ષ અનુરાગ ઠાકુર અને સચિવ અજય શિર્કેને તેમના પદ પરથી હટાવી દીધા હતા.સુપ્રીમે કહ્યુ હતું કે તેઓએ તાત્કાલિક અસરથી બોર્ડનું કામકાજ બંધ કરી દેવું જોઈએ.કોર્ટે જવાબ માંગ્યો કે બીસીસીઆઈમાં ભલામણો લાગુ કરવા માટે કોર્ટના નિર્દેશોમાં અવરોધ પહોચાડવા માટે તેમને શા માટે દોષિત ન ગણવા જોઈએ.આ ઉપરાંત બોર્ડ સાથે જોડાયેલા તમામ અધિકારીઓ જેઓએ લોઢા કમિટિની ભલામણો માની નથી તેઓને પણ પદ છોડવા જણાવાયું છે.કોર્ટના આદેશ બાદ ૭૦ વર્ષથી વધુ વયના પદાધિકારીઓએ પોતાનું પદ છોડવું પડશે.

મુખ્ય ન્યાયાધીશ ટી.એસ.ઠાકુરની આગેવાની હેઠળની ખંડપીઠે કહ્યુ કે બીસીસીઆઈનું કામકાજ સંચાલકોની એક સમિતિ જોશે.અને તેઓએ વરિષ્ઠ વકીલ ફલી એસ.નરિમાન અને આ મામલે ન્યાયમિત્રના રુપમાં કોર્ટની મદદ કરી રહેલા ગોપાલ સુબ્ર્મણ્યમને સંચાલકોની સમિતિમાં પ્રમાણિક વ્યક્તિઓને સભ્યના રુપમાં નામાંકિત કરવામાં કોર્ટની મદદ કરવા આગ્રહ કર્યો છે.કોર્ટે કહ્યુ કે નરિમાન અને સુબ્રમણ્યમ બે અઠવાડીયામાં પોતાનું કામ પુર્ણ કરશે. પ્રશાશકોની સમિતિમાં વ્યકિતઓના નામાંકન મામલે૧૯ જાન્યુઆરીએ સુનાવણી કરાશે.

આ પહેલાં યોજાયેલી સુનાવણી દરમિયાન અનુરાગ ઠાકુર પર ખોટું સોગંદનામુ કરવાનો આરોપ લાગ્યો હતો અને તેઓ કોર્ટની અવમાનના ના દોષિત ઠર્યા હતા.કોર્ટે તે વખતે કડક શબ્દોમાં કહ્યુ હતું કે ખોટી જુબાની આપવા બદલ તેમને સજા કેમ ન આપવી જોઈએ.

# વાસી ઢોકળાં જ ગરમ કરી નવી ચટણી સાથે લોકોને પીરસ્યા છે : વડાપ્રધાન મોદીની શિવસેનાના ઉધ્ધવ ઠાકરે ટીકા કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા વર્ષની પુર્વ સંધ્યાએ પોતાના રાષ્ટ્જોગા સંબોધનમાં જે ધોષણાઓ કરી એમાંથી ઘણી જુની છે અને યુપીએ સરકારના સમયથી અમલમાં છે એવી ટીકા શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ કરી હતી.પોતાના તંત્રીપદે પ્રગટ થતાં પક્ષના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં ઉદ્ધવ ઠાકરે એવી ટિપ્પણી કરી હતી કે આ જાહેરાતોમાં નવું શું છે ? ઢોકળાં જુના(વાસી)જ છે અને એ ગરમ કરીને પીરસવામાં આવ્યા છે.અથવા તો એમ કહો કે ઢોકળા જુના છે પણ ચટણી નવી(તાજી)છે કે પછી બચેલા કુચેલા કાંદાના ભજીયા ગરમ કરીને પીરસવા જેવી આ વાત છે.આવું વાસી ખાવું સ્વાસ્થ માટે હાનિકારક છે. એને લીધે એસીડીટી,અપચો,હ્દયની રક્તવાહીનીઓમાં ખામી અને છેવટે હાર્ટ એટેક આવીનં મૃત્યુ. આવા ઝટકા લોકોને રોજ લાગી રહ્યા છે અને ઘણા મૃત્યુની દિશામાં ધકેલાય છે એવી ટીકા સામનામાં કરવામાં આવી હતી.મોદીએ હસતાં મોઢે દેશવાસીઓને આભાર માનતું પ્રવચન કર્યુ ત્યારે દેશના દુરના ખુણેથી આવતા એક સમાચાર કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિને વિચલિત કરી મુકે તેવા હતા.

વડાપ્રધાને ખેડુત વર્ગ માટે જે ઘોષણાઓ કરી એમાં ઘણી ગુચવણો છે. રિઝર્વ બેન્કે પહેલેથી રદ થયેલી નોટો સ્વીકારવા પર બંધી મુકીને જિલ્લા સહકારી બેન્કો અને પતપેઢી સંસ્થાઓની દશા બગાડી છે.બીજું કૃષિ લોનનું વ્યાજ સરકાર ભરશે એવું જે મોદીએ કહ્યું છે એનો બોજ ઉઠાવવો આ બેન્કો માટે કઈ રીતે શકય બનશે એ એક પ્રશ્ન છે



જ.બીજી તરફ,૨૦૧૫ના ખરીફ પાકનું અનુદાન હજુ સુધી કેન્દ્ર સરકાર તરફથી જિલ્લા સહકારી બેન્કોને મળ્યું નથી. ખેર,એનડીએ સરકારે સત્તા પર આવીને કરેલી જાહેરાતોના નામ બદલાયા છે.જુની બોટલમાં નવો દારુ ઉક્તિ મુજબ છે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# મોદી રાજકીય લાભ લેવા માટે માતાનો ઉપયોગ કરે છે : કેજરીવાલ

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન મોદી પર વેધક પ્રહાર કરતાં કહ્યુ હતું કે મોદી રાજકીય લાભ લેવા માટે તેમની માતાનો ઉપયોગ કરી રહ્યા છે.કેજરીવાલે વડાપ્રધાનને તેમની માતાને તેમની સાથે તેમના સત્તાવાર નિવાસસ્થાને રાખવા અપીલ પણ કરી હતી.કેજરીવાલે ટ્વીટ કરીને કહ્યુ હતું કે મારી માતાને મારી સાથે રાખુ છું. પરંતુ ક્યારેય આખી દુનિયામાં તેનો પ્રચાર કરતો નથી.હું રાજકીય લાભ લેવા માટે મારી માતાને ઓનલાઇનમાં ઊભા રાખતો નથી.વધુમાં કેજરીવાલે ટ્વીટ કરતાં કહયું કે હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ મુજબ કોઈપણ વ્યક્તિએ તેની માતા અને પત્નીને પોતાની સાથે રાખવા જોઈએ.વડાપ્રધાનનું ઘર મોટું છે. થોડું હ્રદય પણ મોટું રાખે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

**સંપર્કઃએ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# રાજકારણીઓ ધર્મ,જાતિ અને સંપ્રદાયના નામે વોટ ન માંગી શકે : સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે હિંદુત્વના મુદ્દે દાખલ કરેલ અરજીની સુનાવણી દરમિયાન આકરા આદેશ જાહેર કર્યા હતા.કોર્ટે જણાવ્યુ હતું કે ધર્મ,જાતિ અને સંપ્રદાયના નામે રાજકારણી નેતાઓ વોટ માંગી શકે નહીં.બંધારણમાં તેની ક્યાંય જોગવાઈ નથી અને પરવાનગી પણ નથી.આ રીતે મત માંગવા ગેરકાયદેસર છે.ચુંટણી એક ધર્મનિરપેક્ષ પ્રક્રિયા છે.અને ઉમેદવારોએ તેને ધ્યાનમાં રાખીને જ કામગીરી કરવાની છે. વ્યક્તિ અને ઈશ્વર વચ્ચેનો મુદ્દો તેનો અંગત છે.સરકારે અને રાજકારણે તેનાથી દુર રહીને કામગીરી કરવી જોઈએ.

ચીફ જસ્ટીસ ટી.એસ.ઠાકુરના વડપણ હેઠળ જસ્ટીસ એમ.બી. લોકુર, જસ્ટીસ એન.એલ.રાવ, જસ્ટીસ એ.કે.ગોયલ, જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડની બેન્ચ દ્વારા આ મુદ્દે સુનાવણી હાથ ધરવામાં આવી હતી.ચીફ જસ્ટીસ સહીત ચાર જજોએ જણાવ્યુ હતું કે ધર્મ,જાતિ અને સંપ્રદાયના નામે મત માંગવા એ કરપ્ટ પ્રેકટીસ છે.ઉલ્લેખનીય છે કે આગામી સમયમાં યોજાનારી પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણી પહેલાં સુપ્રીમ કોર્ટ દ્વારા આ ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો છે.ખાસ કરીને ઉત્તર પ્રદેશ જ્યાં ધર્મનુ રાજકારણ સૌથી વધુ સક્રિય છે ત્યાં આ ચુકાદાની કેવી અસર થશે તે જોવુ રહ્યું.

જો કે કાર્ટમાં આ કેસની વકાલત કરી રહેલા વકીલો દ્વારા આ બાબતે જુદી જુદી દલીલો કરવામાં આવી હતી. જેમાં ભાજપના જ એક ઉમેદવારના વકીલે દલીલ કરી હતી કે ધર્મના નામે મત માંગવાનો અર્થ થાય છે કે ઉમેદવના જ ધર્મની વાત કરવામાં આવે.રાજકીય પક્ષ અકાલી દળની રચના શીક લઘુમતીઓના ભલા માટે કરવામાં આવી છે. આઈયુએમએલ મુસ્લીમોના ઉદ્ધાર માટે બનાવવામાં આવી છે. તેવીજ રીતે ડીએમકે ભાષાના આધારે કામ કરવા માટે પ્રયાસ કરે છે. આ સંજોગોમાં તેનો વ્યાપ વધારવાની જરુર છે.બીજી તરફ કોગ્રેસના વકીલે દલીલ કરી હતી કે ધર્મ,જાતિ કે સંપ્રદાયના નામે મત માંગવા એ કરપ્ટ પ્રેકટીસ છે. સોશિયલ મીડીયાના યુગમાં લોકોને સરળતાથી આ માધ્યમ દ્વારા ધર્મના નામે આકર્ષી શકાય છે.જ્યારે સીપીએમના મહાસચિવે કહ્યુ હતું કે ધર્મના નામે જો વોટ માંગવામાં આવતા હોય તો ચુંટણી રદ કરવી જોઈએ.જ્યારે રાજસ્થાન,મધ્ય પ્રદેશ અને ગુજરાત તરફથી એડિશનલ સોલીસીટર જનરલ તૃષાર મહેતાએ કહ્યુ હતું કે ધર્મને ચુંટણી પ્રક્રિયાથી અલગ કરી શકાય તેમ નથી. તેમણે એમ પણ કહ્યુ હતું કે ઉમેદવાર ધર્મના નામે વોટ માંગે તો તેમાં કંઈ ખોટુ પણ નથી.આ મુદ્દે ચીફ જસ્ટીસે ટીપ્પણી કરી હતી કે રાજ્યો અસ્પષ્ટ દલીલો શા માટે કરે છે. સંસદનો આશય સ્પષ્ટ રીતે કામ કરવાનો છે. અને તેને કોઈપણ વ્યક્તિએ સાહજિક રીતે સ્વીકારવાનો હોય છે.ધર્મની શું વ્યાખ્યા છે તેનો માપદંડ કે વ્યાપ કેટલો હશે તે નક્કી કરવાનો પ્રશ્ન હતો પરંતુ કોર્ટે હાલમાં આ અરજી અંગે વિચારણા શરુ કરી છે તેમ જણાવ્યુ હતું.

સુપ્રીમની સાત જજોની બેન્ચે સ્પષ્ટ જણાવી દીધું હતું કે તેઓ હિંદુત્વ મુદ્દે ૧૯૯૫માં સુપ્રીમ કોર્ટે લીધેલા નિર્ણય અંગે ફેર વિચારણા કરશે નહીં.હિંદુત્વ શબ્દ છભારતીય લોકોની જીવનશૈલી સાથે જોડાયેલો છે તેને માત્ર ધર્મ સુધી સીમીત રાખી શકાય નહીં.તેથી તાજેતરમાં સુપ્રીમે ફેરવિચારણા કરવાની ના પાડી હતી.

# વ્યસનથી થતાં નુકશાનની માહિતી અભ્યાસક્રમમાં સમાવવા સુપ્રીમ કોર્ટની કેન્દ્ર સરકારને આદેશ

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને દેશના યુવાધનને નશામુક્ત કરવા માટે રાષ્ટ્રીય કક્ષાએ એકશન પ્લાન અમલી બનાવવા આદેશ આપ્યો હતો.ગુજરાત સહિત દેશભરમાં કિશોરોમાં નશાયુક્ત ચીજોનું સેવન કરવાનું પ્રમાણ ભયજનક હદે વધી રહ્યું છે.આ મામલે સુપ્રીમ કોર્ટમાં થયેલી પીઆઈએલમાં આ હકીકત ખુલી છે. સુપ્રીમ કોર્ટે આ સમગ્ર મામલો ગંભીરતાપુર્વક લઈ કેન્દ્ર સરકારને નશામુક્તિની દિશામાં રાષ્ટ્રીયકક્ષાએ એકશન પ્લાન વહેલી તકે મુકવા જણાવ્યુ છે.ઉપરાંત, વ્યસનથી થતા નુકશાન , આડઅસરો અંગેની માહિતી અભ્યાસક્રમમાં સમાવવા નિર્દેશો આપ્યા હતા.

સુપ્રીમ કોર્ટે નાર્કોટીક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોફિક સબસ્ટન્સ એક્ટ (એનડીપીએસ)અંગે પણ નિર્દેશો આપ્યા હતા.વ્યસનની સામેની ઝુંબેશમાં દરેક શાળાઓનો રાષ્ટ્રીય સ્તરે સર્વે કરવા જે તે શાળામાં નસીલા પદાર્થના રવાડે ચઢેલા કિશોરોની માહિતી મેળવવા, કિશોરોને નશાયુક્ત પદાર્થના સેવન થતા નુકશાન અંગે સ્કુલના પ્રિન્સિપાલ અને પોલીસ દ્વારા માહિતી આપવા તેમજ નશાથી થતી ખરાબ અસરો અંગે જાગૃતિ કાર્યક્રમો શાળા કેમ્પસમાં યોજના નિર્દેશો આપ્યા છે.

'બચપણ બચાવો' આંદોલન દ્વારા સુપ્રીમ કોર્ટમાં બંધારણના આર્ટીકલ ૩૨ હેઠળ પીઆઈએલ કરવામાં આવી હતી. જેની સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં ૨૪ કરોડ બાળકો છે. તાજેતરમાં ખાનગી અને સરકારી તંત્રે બહાર પાડેલા રીપોર્ટમાં કિશોરો અને યુવાનો માં ભયજનક હદે નશાના બંધાણી હોવાનું બહાર આવ્યું હતું. પ્લાનિંગ કમીશનના યુવાનો અંગેના ૨૦૧૨થી ૨૦૧૭ ના ૧૨ અહેવાલ મુજબ આજના સ્પર્ધાત્મક યુગમાં યુવાનોમાં સફળતા માટે ભારે દબાણ અને હતાશા ભોગવી રહ્યા છે.તેનો લાભ ડ્રગ માફીયા નાના અને મોટા શહેરોના યુવાનોને વક્ષ્યાંક બનાવી તેમને નશાની લત લગાડે છે.નેશનલ કમિશન ઓફ ચાઈલ્ડ રાઈટ ઓગષ્ટ ૨૦૧૩માં ૫ થી ૧૮ વર્ષની વય જુથના ૫ થી ૧૮ વર્ષના વય જુથના ૪૦૨૪ તરુણો પર સર્વે કર્યો હતો.જેમાં ૧૫ થી ૧૯ વર્ષના ૨૮.૬ ટકા તમાકુના બંધાણી અને ૧૧ ટકા આલ્કોહોલના બંધાણી જણાયા હતા.અહેવાલ મુજબ યુવાવસ્થા બાદ પણ નશાના બંધાણી રહેતા હોય તેમાં તમાકુનો વપરાશ કરનાર ૮૩.૨ ટકા અને આલ્કોહોલ ૬૮ ટકા,નશાયુક્ત દવા ૩૫.૪ ટકા,ઈન્હેલન્ટ ૩૪.૭ ટકા, ફાર્માસ્યુટીકલ ઓપીકસ ૧૮.૧ટકા કફસીરપના ઓવરડોઝ ૭.૯ ટકા અને હેરોઈન સ્મેકમાં ૭.૯ ટકા સર્વેમાં બહાર આવ્યુ હતું.જેમાં યુવા વર્ગમાં તાજેતરમાં વર્ષમાં ઈન્જેકશન દ્વારા નશો કરવાની ટેવમાં ૧૨.૬ ટકાનો વધારો થયો છે.

દેશનું યુવાધન બરબાદ થઈ રહ્યુ છે તેને માટે સુપ્રીમ કોર્ટે દખલ કરવી પડે તો તે રાજકારણીઓ માટે શરમજનક બાબત છે.

# સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટ જજની બદલી અંગે કેન્દ્ર સરકાર પાસેથી અહેવાલ માંગ્યો

હાઈકોર્ટના જજોની બદલી કરવાના મુદ્દે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના વલણની સામે નારાજગી વ્યક્ત કરતાં ત્રણ અઠવાડિયામાં અહેવાલ આપવા આદેશ કર્યો હતો.કોર્ટે જણાવ્યુ કે તેમના આદેશ શા માટે નથી માનવામાં આવ્યા ?એટર્ની જનરલને આ મુદ્દે ખુલાસો કરવા જણાવાયું છે. ચીફ જસ્ટીસ ટી.એસ.ઠાકુરે જણાવ્યુ કે આ ટ્રાન્સફરનો મુદ્દો લગભગ એક વર્ષથી ખોરંભે પડેલો છે.આ મુદ્દે સરકારે સ્પષ્ટીકરણ આપવું જોઈએ.સરકારે કોઈ મુશ્કેલી હોય તો તેમણે કોર્ટ સામે રજુ કરવી જોઈએ.સમસ્યા જણાય તો તો ફાઈલો પરત કરવી જોઈએ.

# હોટલમાં લેવાતા સર્વીસ ચાર્જ સામે સરકારે ગ્રાહકોને લોલીપોપ આપી

સરકારે નાગરિકોને તેમના ફતવાઓ દ્વારા નાખુશ કરી છે. નોટબંધી કર્યા બાદ થયેલ અવ્યવસ્થાને કારણે દેશના કરોડો નાગરિકોને યાતનાઓ ભોગવવી પડી.કાળા નાણાંને નાથવાની સરકારની મુરાદ બર આવી લાગતી નથી.રોજ રોજ સરકારે નિયમો બદલ્યા પરિણામે પ્રજાને ભારે હાલાકી ભોગવવી પડી.હવે સરકારે હોટલ અને રેસ્ટોરન્ટમાં ફુડ ક્વોલીટી કે પછી આપવામાં આવતી સર્વીસીસથી જો ગ્રાહક સંતુષ્ટ ના હોય તો બિલમાં જોડાયેલા સર્વીસ ચાર્જ ચુકવવા માટે ઈન્કાર કરી શકશે. પરિણામે હોટલવાળાઓ સાથે ગ્રાહકોને ઝગડવું પડશે.કન્ઝુમર્સ એફેર્સ મીનીસ્ટ્રીએ નોટીફીકેશન ઈસ્યુ કરીને આ કહ્યુ છે કે ગ્રાહકો માટે સર્વિસ ચાર્જ ચુકવવાનું ફરજીયાત નથી.આ સંપુર્ણપણે મરજિયાત છે.હવે આ બાબત કોણ કોને મનાવશે તે સ્પષ્ટ નથી.કોઈપણ કંપની,હોટલ કે રેસ્ટોરન્ટ ગ્રાહકો પાસેથી બળજબરી પુર્વક સર્વીસ ચાર્જ લઈ શકે નહીં.કન્ઝુમર્સ એફેર્સ મીનિસ્ટ્રીએ તાકીદ કરી છે કે તેઓ રાજ્યની તમામ કંપનીઓ,હોટલ અને રેસ્ટોરન્ટને આ બાબતની સુચનાઓ આપી દે.મિનિસ્ટ્રીએ રાજ્ય સરકારોને પણ સર્વિસ ચાર્જની ચુકવણી અંગે માહિતગાર કરે.ગ્રાહકો સ્પષ્ટપણે સર્વિસ ચાર્જ ચુકવવાની ના પાડી શકે છે.

કન્ઝુમર્સ પ્રોટેકશન એકટની ૧૯૮૬ની જોગવાઈ મુજબ કોઈ ગ્રાહકને ખોટી રીતે સર્વિસ ચાર્જ ચુકવવા માટે મજબુર કરવામાં આવે તો એની ફરિયાદ કન્ઝુમર્સ ફોરમમાં કરી શકાય છે. ગ્રાહકો પાસેથી સરકારને અસંખ્ય ફરિયાદો મળી હતી કે અનેક હોટલો અને રેસ્ટોરન્ટો ખોટા રસ્તે પાંચથી ૨૦ ટકા સર્વીસ ચાર્જીસ વસુલ કરે છે. રોજબરોજની સમસ્યાઓથી લોકોનુ ધ્યાન અન્યત્ર ખેંચવા સરકાર નીતનવા પેતરા રચે છે તેનો આ એક નમુનો છે.

અનુ. પાન નં ૪ ઉપરથી

બનનારની સ્થિતિ કપરી બને છે.નથીએમનો કોઈ મોરચો ઊભો થઈ શકતો. નથી સગઠન સાધીને કાયદાકીય લડત લડાતી. આકસ્મિક કોઈક હોનારત સર્જાય તો આરંભના થોડા દિવસોમાં હમદર્દીના થોડાંક મોજા ઉછળે છે. પણ જતે દહાડે એ તરંગ બનીને વલયની જેમ વીરમી જાય છે.મિશનરીઓને એમની મર્યાદાઓ નડે છે.ગોલાણાના કાનુની પ્રોસિજર દરમિયાન ભાલના વણકર યુવાનોને સાર્થક શિક્ષણ આપનારા ફાધર હેરદરોને એ કાંડમાં વિદેશી કે મિશનરી હાથ દેખાશે એવી દહેશતથી અમેરિકા ધકેલી મુકવામાં આવેલા !

૧૯૮૦માં નવી સમાજ રચનાનો દમ ભરતાં નવા સ્થપાયેલ ગુજરાતી કેથલીક સમાજે ત્યારે ગોલાણાના ત્રણ શહિદોને શ્રધ્ધાંજલિ અર્પેલી.કારણકે એ કેથોલીક હતા.ચોથો બાકાત રખાયેલો હિન્દુ હતો ! ભાવિનો ઈતિહાસકાર કે સમાજ વિશ્લેષક આ અંધત્વભરી ધાર્મિકતાની કટુ આલોચના કરશે એટલી વિવેકબુધ્ધિ એ ઠરાવ કરનારાઓને ન હતી.આવી દુષિત માનસિકતા સમાજે દુર કરવી રહી.

આગળ, સરકાર,પોલીસતંત્ર આદિના અભિગમની ચર્ચા છે.ન્યાયતંત્રમાં ભરોસો છે પણ એ ખર્ચાળ એટલો જ થકવી દેનારો. પ્રલંબ પંથ છે. વગ અને નાણાં જે કરે છે તે ભોગ બનનારા કે એમની ભેર કરનારા કરી શકતા નથી.ચર્ચોના અધિકારીઓ પાસે દુરદર્શિતા નથી.જ્યારે સમાજ વિખંડિત-વિશૃખલિત છે. આવી સમસ્યામાં માનવ અધિકારના બુમ-બરાડા પાડ્યા વિના કોઈ ઉપાય શેષ નથી રહેતો.

ચોટદ્ક ભાષામાં ભારતીય જનતા પાર્ટીની અને એના સમર્થક વિશ્વ હિંદુ પરિષદ,આર.એસ.એસ. બજરંગ દળ અને ભારતીય જાગરણ મંચે નક્કી કરેલી નિર્ધારેલી રાજવટ પહેલે કસાઈ ફિર ઈસાઈની એમની ઝુંબેશ. ગોધરાના મસે મુસ્લીમોને ખોખરા કર્યા છે.જ્યારે ખ્રિસ્તીઓ એટલે ખરસાંડીની વાડ,એમને ચપટીમાં ચોળી નાંખવાની આસુરીવૃત્તિ ! હિન્દુ સિવાયના બાકીના બધા જ હેઠ્ય અર્થાત નીચલા દરજ્જાના ! વિશાળ હિન્દુ બહુમતી આગળ આ લઘુમતીનું કશુંજ નહીં ઉપજે એવું ધમંડ ! ભયભીત થઈને જ મત આપે એ બુરી મંશા.

દેશવ્યાપી સંગઠન કરી મોટાપાયે એવા ષડયંત્રોનો પર્દાફાશ કરવો જરુરી છે.એક મજબુત મીડીયા તૈયાર કરવો. લોકશાહીની લડતો અને અસંગઠિતોના સંગઠન સાધવાના અભિયાન હાથ ધરવા જેટલા પણ અખિલ ભારતીય ક્રિશ્ચિયન સંગઠનો છે એમણે ધર્મયુધ્ધ લેખે આ પડકાર ઝીલીને રણનીતિ ઘડી કાઢવી. એ જ સમયની માંગ છે.

# સામાજીક સંઘર્ષ અને ખ્રિસ્તી માનસિકતા

**આશાદીપ માનવવિકાસ કેન્દ્ર, વિધાનગર ખાતે યોજાયેલા સામાજિક સંઘર્ષ અને પ્રસાર માધ્યમોની ભુમિકા અંગેના પરિસંવાદમાં સ્વ જોસેફ મેકવાને રજુ કરેલુ આ અભ્યાસપુર્ણ પેપર વાચકોને વિચારભાથુ પુરુ પાડે છે.તંત્રી કેથલીક સમાચાર ઓગષ્ટ ૨૦૧૦માંથી સાભાર**

પરંપરાગત રીતે વાલ્મીકીઓએ માથે મેલુ ઉપાડવું અને મૃત કુતરા-બિલાડા તાણવા, રોહિતોએ મૃત પશુ ખેચી જવા ને ઉકેલવા, વણકરોએ વેઠ કરવી. આ એમને માથે વસવાયી કોમો તરીકે લદાયેલા કામ હતા.નિર્બાધ શોષણ :અન્યાય, અત્યાચાર અને માનસિક-શારીરીક ત્રાસ એમના લમણે લખાયેલો હતો. જેના વિરોધમાં એક હરફ પણ ઉચ્ચારવાની આ જાતિઓને સમજણ કે હિંમત ન હતા. વેઠી જ લેવાનું અને મૌન-મુક સહેતા જવાનું આને જ નિયતિ માનીને એ લોક જીવતાં.

એમને આ શોષણ કહેવાય,કે આ સામાજિક અન્યાય કહેવાય એવુ સમજાવનાર કોઇ જ નહોતું.કર્મનો સિધ્ધાંત અને માફલેષું કદાચ ન : ની શાસ્ત્રોની વાતો ગોખાઇ-ચવાઇને એમના સુધી જતી. એના અર્થ એવા કરાતાં કે ગયા જન્મ તમે એટલાં બધાં પાપ કરેલા કે એની સજા રૂપે આ જન્મ મળ્યો છે. એટલે તમારે વેઠતા જ રહેવાનું, સામે બોલવાનું સુધ્ધાં નહીં.

સામાન્ય મનોવૈજ્ઞાનિક તારણ એવું છે કે સદીઓથી કચડાતી કોમોના વિચારતંત્રોય મુ_ક-બધિર બની જાય છે એમ આપણો મુળ સમાજ પણ સહેતો રહ્યો.

૧૮૫૭નો બળવો નિષ્ફળ એ કદાચ કુદરતી ન્યાયનો દ્યોતક હશે, એમ માનવાનુ મન થાય છે. મહારાણી વિકટોરીયાના ઢંઢેરા પછીય, હિંદુઓની ધર્મવ્યવસ્થામાં દખલ નહીં દેવાની બાંયધરી પછી અંગ્રેજ સત્તાને તો અહીં કશું જ કરવાનું રહેતું જ ન હતું.પણ યુરોપની ઔદ્યોગિક ક્રાંતિ અને બળવા પહેલાં જ આ દેશમાં લવાયેલ રેલવે એ અનાયાસે જ પરિવર્તનના પગરણ માંડ્યા.રેલવેમાં સૌ કોઇ હરી-ફરી શકે, એમાં જાતિ-પાંત ન ચાલે. આથી ના છુટકેય હિંદુઓને પેલા ધક્કા સ્વીકારવા પડ્યા. બંધનોની ગાંઠો કંઇક અંશે શિથિલ થવા માંડી.

લગભગ એજ અરસામાં ગુજરાતમાં વિવિધ મિશનોનુ આગમન થયું.એ લોકોનેય પોતાને ઉચ્ચ માનતા હિંદુઓએ ના જ સ્વીકાર્યા ત્યારે આ પછાત કહેવાતી જાતિઓ ભણી વળેલા.આમ સર્વગ્રાહી રીતે જોઇએ તો આ પછાત ગણાતી જાતીઓનો કોઇ ધર્મ નહોતો.અલબત્ત હિંદુ પરંપરાઓ હતી. પરંતુ રામમાર્ગી કે કૃષ્ણમાર્ગી કોઇ ભક્તિધારા ન હતી,ન કોઇ ઇષ્ટદેવ હતા. જો કે નાત-પુજા ને ઓચ્છવ થતા એ પરથી રામાનંદી પ્રભાવ, કંઇક અંશે પ્રણામી અને કબીરપંથી અસરો હતી એવું સમજાય છે.અને ગુરુ તથા ગોર(ગરોડા) પ્રથા હતી છતાં ધરમની વિશિષ્ટ છાપ કે નામ કળી શકાતાં નથી. એજ કારણે ધર્મવિશેષનું વળગણ ન હોઇ મિશનરીઓને ખ્રિસ્તીપંથોના પ્રસારમાં ઝાઝી કઠીનાઇઓ નથી પડી.

આ સમાજ ધરમ વિનાય ધર્મભીરુ હતો. જ્ઞાન-ભાન સિવાય વિવેકબુધ્ધિએ નીતીમાન હતો અને ખ્રિસ્તીધર્મ સાથે શિક્ષણ મળતાં જ તે પોતાનો માથે મરાયેલ શોષણ,અસ્પૃશ્યતા આદિ અન્યાયોને સમજતો થયો. બડા પ્રેમથી એણે ખ્રિસ્તીત્વનો અપનાવી લીધું.મિશનરીઓએ આ સમાજનું સ્વમાન જગાડ્યું.અંગરખાને જુતા પહેરાવીને ગામ પાર ફેરવ્યા. ક્યાંક-ક્યાંક માથાભારે હિંદુઓના માનપાન સ્થાન ઉતારી નાંખ્યા.આવી પ્રતિતિકારક આત્મજાગૃત્તિએ આ પ્રજાનો ધર્મ પ્રત્યેનો પ્રેમ અનેશ્રધ્ધાં અદકાં બની ગયાં.

કેટલાક મિશનરીઓ જમીનો વેચાતી રાખે ત્યાં પરાં વસાવ્યા,ને આત્મનિર્ભરતા બક્ષી. આમ છતાં સંઘર્ષ કરી અન્યાયનો મુકાબલો કરતાં ના શીખવ્યું. રોમન કેથલિક ચર્ચે તો અન્યાય શાંતપણે સહન કરી લેવાની આધ્યાત્મિક શીખ આપી.આમ કરવાના કારણ કદાચ એ હતાં કે ,યાંત્રિક ક્રાંતિને કારણે વણકરોનો હાથસાળનો વ્યવસાય નષ્ટ થઇ ગયો હતો.ખેતીની જમીન ભાગ્યેજ કોઇ પાસે હતી.પરિણામે આ સમાજને કહેવાતા સવર્ણોની ખેતમજુરી પર નભવાનું હતું. અન્યાયકર્તા પણ એ જહતાં.એમની સામે થવામાં પાણીમાં રહેવું અને મગર સાથે વેરના ઘાટ જેવું હતું.

વળી, વીસમી સદીમાં બળવત્તર બનેલા આઝાદીના આંદોલનો આવનારાં પરિણામો પણ દુરદષ્ટા મિશનરીઓ જોઇ શકતા હતા. એટલે ધર્મ સાથે શિક્ષણ-કેળવણી આપવા છતાં તેઓ સંઘર્ષનો માર્ગ ચીંધવામાં દુર રહ્યા હતા.એટલુંજ નહી એમને માત્ર ધર્મ પ્રચારથી જ સંતોષ હતો. ઉચ્ચ શિક્ષણ આપી એમને વિચારતા કરવામાં કદાચ એ જોખમ જોતા હતા.

આઝાદી પછી મિશનોને પોતાના અસ્તિત્વની ચિંતા શરુ થઇ. શિક્ષણ સંસ્થાઓ સ્થાપી.હિંદુ સવર્ણોના સંતાનોને ઉત્તમ શિક્ષણ આપવામાં એમણે પોતાનું શ્રેય જોયું. જેમણે ખ્રિસ્તીપણું અપનાવ્યું હતું એ હવે ક્યાંય પાછા જઇ શકવાના ન હતા.હવે જન્મદર વધે એમ ખ્રિસ્તીજન સંખ્યા વધવાની હતી.સામી બાજુ જેઓ હિંદુ જ રહ્યા એમને અનામતના લાભ મળવા માંડ્યા.એટલે તરફ ધર્મનો પ્રચાર અસંભવ બની ગયો. આજે સમગ્ર ગુજરાતમાં એક ચરોતર અથવા જુના ખેડા જિલ્લા સિવાય ઉત્તર ગુજરાત,સૌરાષ્ટ્ર,કચ્છ કે દક્ષિણ ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મીઓ છે જ નહીં.આદીવાસીઓમાં અનામતનું નડતર નથી એટલે મિશનરીઓ એ તરફ હવે વળ્યા છે ને વીએચપી ,બજરંગ દળ એની સામે પડ્યા છે.એટલે સંઘર્ષનો અનુભવ આદીવાસીઓને વહેલો થશે.

ચરોતરમાં લગભગ આઠ કે નવ જેટલાં વિવિધ મિશનોની હયાતી છે. પણ મિશનરી વાડાબંધીએ માનસિકતા ય એટલી બંધિયાર બનાવી દીધી છે કે કેવળ મુઠ્ઠીભર હોવા છતાં વાડાબંધી ભેદી આ ખ્રિસ્તીઓ એક નેજા તળે એક નથી થઇ શકતા.ધર્માંતર વિરોધી કાયદા સામે આ બધા રેલી કે સરઘસ -અને તે પણ મૌન કાઢશે, પણ રાજકીય હક્કો સારુ કે સામાજિક અન્યાયનો મુકાબલો કરવા ક્યારેય એકતા નહીં સાધે.ગુજરાતનું રાજ્ય સ્થાપ્યા પછી ૧૯૬૦થી પંચાયત અનો વિધાનસભાની ચુંટણીઓમાંથી ખ્રિસ્તીઓ વિરુધ્ધ વૈમનસ્ય,દબાણ અને અલગાંવ શરુ થયા છે.અહીં આર્થિક-સામાજિક રીતે લેમીનેટ કરતો વર્ગ પટેલોનો છે. અમુક વિસ્તારોમાં દરબાર અર્થાત રાજપુતોનો.

આણંદ તાલુકાના કરમસદ ગામે સરદાર પટેલનું ગામ ચુંટણીમાં વેરઝેરમાંથી ૧૯૭૫માં એક ખ્રિસ્તીની હત્યા થઇ. ૧૯૯૨માં એક પટેલની. અહીં ભૌગોલિક રીતે એક કાળે છેવાડે હતો તે ખ્રિસ્તી મહોલ્લો હવે ગામની વચાણે આવી ગયો છે જે સત્તાશાળીઓની આંખોમાં કણાની જેમ ખુચે છે.પણ પ્રમાણમાં આ ગામના ખ્રિસ્તીઓ એકજુટ નો મુકાબિલ માનસમાં હોઇ વિરોધીઓ કાંઇ કરી શકતા નથી. દલિતોની જેમ આ લોકો હિજરત તો ના જ કરે.

૧૯૮૧માં અમદાવાદને પછી ગામે ગામ અનામત વિરોધી તોફાનો આદરાયા ત્યારે ઉત્તરસંડામાં મોખાની જગાએ વસતા ખ્રિસ્તીઓને પાઠ ભણાવવા પટેલોએ એક આખુ ફળીયું ધીકાવી મેલ્યું.આશ્ચર્ય એ વાતનું હતું કે અનામતના લાભથી જે વંચિત રખાયા છે તે જ અનામતના દવમાં સળગાવાય છે.આવા ટાણે ખ્રિસ્તીઓમાં કંઇક જાગૃત્તિ આવી પણ એ ઝાઝી ના ટકી. અહીં ભોગ બનનારા કેથલીકો હતા એટલે અન્ય પંથીઓ વેગળા રહ્યા. એકતાનો અભાવ. નેતાગીરીનો અભાવ અને માંહોમાંહે ફુટ તથા લાલચને કારણે અત્યાચારીઓ છુટી ગયા.

૧૯૮૪માં ખંભાત તાલુકાના ગોલાણા ગામે દરબારોએ વણકરવાસ પર હુમલો કરીને ચાર જણાવે તમંચે દીધા.સોળ જણને ધાયલ કર્યા. અને કેટલાય ઘરો બાળી મુક્યા.અહી વસતા વણકરોમાં કેટલાક ખ્રિસ્તી ધર્મીઓ છે.અહીં માથાભારે દરબારોનો આર્થિક અને જાતીય ત્રાસ ભયંકર હતો. મા,બોન-બોટીની ઇજ્જત ભાગ્યે જ બચતી. વણકરો દેવાદાર, ઓશીયાળા ,વ્યાજ ભરીને પાયમાલ થાય.

અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કોલેજના પ્રોફેસર હેરેદરોએ બિહેવિરલ સાયન્સ સેન્ટરની સ્થાપના કરી. ભાલના, ખાસ તો ગોલાણાના નવયુવાનો જે શિક્ષિત હતા તેમને જાગૃતકર્યા. ખેડુતોની સહકારી મંડળી સ્થાપી,સહીયારી ખેતી કરાવી. ઉત્તમ બિયારણ,ખાતર,પાણી આદીની વ્યવસ્થા ઊભી કરી. પાંચ જ વરસમાં પરિણામ દેખાયા. દેવા ટળ્યા.સ્વમાન જાગ્યા. કોઇ કાળે અન્યાય-શોષણ નાજ વેઠવાના સંકલ્પ લેવાયા.

ધુંધવાયેલા દરબારોએ ૧૯૮૪ના જાન્યુઆરી માસની ૨૫ મી તારીખે અઢીસો-ત્રણસોનું ગરકાયદે ટોળું જમાવી. નવજાગરણના આગેવાન એવા પોચાભાઇ ગાંડાભાઇ નામના બત્રીસ લક્ષણાજવાનને ભીષણ ક્રુરતાપુર્વક ચાળણી કરી નાંખ્યો.બીજા ત્રણ એની સાથે મરાયાં.

આખા ગુજરાત અને દેશમાં હાહાકાર મચી ગયો.સંગઠિત કાનુની લડાઇ ચલાવાઇ.ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર ૧૪ જણાને જન્મટીપ ફરમાવાઇ.એ પછી ભાલના દરબારો બિલ્લી બની ગયા !ગોલાણાની શહાદત પુરા ભાલગાળા માટે મશાલ બની ગઇ. એ ગાળામાં ૩૭ ગામોમાં સંઘર્ષની ચેતનાએ નવા પ્રાણ ફુંકયા.પરિણામે ઉંચી અહંકારમાં રાચનારાઓ હવે બેફામ રીતે વર્તી શકતા નથી,મનમાની કરી શકતા નથી.

આ પ્રકારની વંચિતોની જાગૃત્તિથી શોષણખોરો સતર્ક બની ગયા છે. હિન્દુત્વવાદી તત્વો જેમ આદીવાસી ઓમાં કરી રહ્યા છે એજ સાજિશ એ તત્વો હવે ભાલમાં પણ અજમાવી રહ્યા છે.હિન્દુત્વવાદીઓના પેઇડ પ્રચારકો ભાલમાંના હિન્દુ વણકરોને મિશનરીઓ વિરુધ્ધ ભડકાવી રહ્યા છે.ધર્માંતર કરીને ખ્રિસ્તી બન્યા છતાં હિન્દુ નામ- જાતિને કારણે અનામતના લાભો જેમણે મેળવ્યા છે, એમના મુળ શોધી કાઢી એમના પર કેસ કરાઇ રહ્યા છે. જે પોચા ગાંડાએ બલિદાન આપ્યું એનાજજ જિલ્લા પંચાયતની અનામત બેઠક પર ચુંટાયેલા પુત્રને હાલમાં જ બરતરફ કરાયો છે. પેટલાદ અને ભાલ મળીને આવા ૭૦ થી વધુ કેસો ઉભા કરાયા છે.

ગુજરાતમાં ભાજપના પ્રાબલ્ય પછી નવી પરેશાની ઉભી કરાઇ રહી છે. ગામે ગામ ખ્રિસ્તીઓના સ્મશાનો પર અતિક્રમણ કરાવી ત્યાં ઘરવિહોણાંને પ્લોટ ફાળવી દેવા.આમ બે ગરીબોને સામસામે લડાઇ મારવાની આ ચાલબાજી વિશ્વ હિંદુ પરિષદનો એની ભગીની સંસ્થાઓની કારવાઇ છે.કપાડવંજ,જિટોડીયા, બોરીયાવી,વડતાલ અને વડોદ નામના ગામોમાં ઉત્પાતથી સૌ ચિંતિત છે.ક્રિશ્ચિયન એસોસિયેશનના સેમસન ક્રિશ્ચિયન છેવટે કપડવંજનો કેસ કોર્ટમાં જીત્યાના સમાચાર છે.

અંજપો ઊભો કરનારા પરિબળો ઉપર દર્શાવ્યા તે જ છે. એમનો સરકાર,પોલીસતંત્ર,પક્ષ અનો ગામનુંપીઠબળ છે. પરિણામે ભોગ

અનુ પાન નં ૩ ઉપર


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.